જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૨૩ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૬/૨૦૨૩**

## પાસા અટકાયતની વિગત

**રાણીપ પોલીસ સ્ટેશનઃ**

**રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુના આચરતી મહીલાની પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ગોહીલ નાઓ દ્વારા, દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુના (૧) રાણીપ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૨૦૫૮૦/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ) (એ) ૧૧૬(બી) મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૨૦૫૮૧/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ) (એ) ૧૧૬(બી) મુજબ તથા (૩) રાણીપ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૨૦૬૦૩/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ) (એ) ૧૧૬(બી) ૮૧મુજબ તથા (૪) રાણીપ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૨૦૬૫૬/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ) (એ) ૧૧૬(બી) મુજબ તથા (૫) રાણીપ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૩૦૦૨૬/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ) (એ) ૧૧૬(બી) મુજબના કામે પકડાયેલ આરોપણ શરીફાબાનુ હનીફભાઇ કુરેશી ઉ.વ.૬૫ રહે.ઓઇલમીલના છાપરા બકરામંડી રાણીપ અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપણને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૬/૨૦૨૩ તા.૦૪/૦૨/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપણને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ.૦૪/૦૨/૨૦૨૩ ના કલાક ૧૭/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપણને ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલછે

**કામગીરી કરનાર કર્મચારી**

(૧) અ.પો.કો. દિલીપભાઇ વિરજીભાઇ બ.નં. ૧૧૯૪૬

(૨) અ.પો.કો. નાગજીભાઇ હરીભાઇ બ.નં.૧૨૧૩૩

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૨૬૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ** **સમાચાર યાદી નં.૨૨૯/૨૦૨૩**

**નવરંગપુરાઃ** નીખીલભાઇ અરવીંદભાઈ દેસાઈ (ઉ.વ.૫૯)(રહે.પુષ્પમ ફ્લેટ સબ-વે સામે સેન્ટ ઝેવીયર્સ કોલેજ કોર્નર પાસે નવરંગપુરા) એ તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધવલ ધીરુભાઈ હરસુરા તથા કૃણાલ ધીરુભાઈ હરસુરા અને ખાલીદ મલેક નાઓએ ભેગામળી નીખીલભાઇના ઘરે જઈ તેમને વિશ્વાસમાં લઈ અમદાવાદ શહેર એરપોર્ટ ઉપર સ્પાઈસ જેટ એરલાઈન્સમાં પાણી તથા કપડાના વ્યવસાયના ધંધા માટે તેઓની પાસેથી બેંક દ્વારા તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૩,૭૦,૦૦૦/- મેળવી લઈ આ ઓર્ડર તેમને નહી આપી તેમજ રૂપિયા પણ પરત નહી આપી નીખીલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૨૦૨૩**

**મણીનગરઃ** વિનેશકુમાર ખુશાલભાઇ ગાંધી (ઉ.વ.૪૪)(રહે.નેચર્ચ ફલેટસ પ્રાણશંકર હોલની સામે કાંકરીયા ભેરવનાથ રોડ મણીનગર)એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ થી બપોર ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૧/૨૦૨૩**

**શાહીબાગઃ** રમેશભાઇ પુંજાભાઇ પટણી(માનવાળા)(ઉ.વ.૫૪)(રહે,કડીયાની ચાલી, સંતોષી માતાના મંદિર પાસે, અસારવા શાહીબાગ)એ તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી તા.૦૪/૦૨/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ચમનપુરા બાલભારતી સ્કુલ આગળ રોડ ઉપર પાર્ક કરેલ રમેશભાઇની બોલેરો પીકઅપ ગાડીમાંથી (૧)એમ્પલીફાયર નંગ-૨ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૨) સ્ટેબીલાઇઝર નંગ-૧ કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૩)મિક્ષર નંગ-૧ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૪)ક્રોસ અવર નંગ-૧ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**પર્સ ખેંચી ઝુંટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨/૨૦૨૩**

**સરદારનગરઃ** રાજેન્દ્રસિંહ ગુલાબસિંહ રાણા (ઉ.વ.૫૫)(રહે.નોબલનગર ટેનામેન્ટ નીકીતાપાર્ક સોસાયટી નોબલનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સરદારનગર નોબલનગર સુદામા પાર્ક બસ સ્ટેશન નજીક રાજેન્દ્રસિંહ ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ રાજેન્દ્રસિંહના હાથમાંથી પર્સ ઝૂંટવી નાસી ગયો હતો. જે પર્સમાં સોનાના અલગ-અલગ દાગીના તથા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૯,૧૦,૫૦૦/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.બાગુલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩/૨૦૨૩**

**નિકોલઃ** સંજયભાઇ કિશોરભાઇ જાદવ (ઉ.વ.૩૧)(રહે.ખોડીયારનગર સોસાયટી, નિકોલ)એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૩ સવારના ૯/૧૫ વાગે પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ લુજાભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** કિરણભાઇ રામજીભાઇ (ઉ.વ.૩૬)(રહે.વાસુદેવ ધનજીભાઇની ચાલી પરીક્ષીતલાલ નગર બ્લોક નંબર-૧૩ સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે સિલિંગના હુક સાથે સાડીનો છેડો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેગારજી ચલાવે છે.

**નારોલઃ** પરવીન ઉર્ફે જેબા અબ્દુલસત્તાર મજહબી (ઉ.વ.૧૪)(રહે,અલીફનગર, સોનલ ફેકટરી પાછળ, બાગે કૌશર મેદાન પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૩ બપોરના ૨/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પહેલા માળે આવેલ રૂમમાં છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી